રજાઓ અંગે.....

| રજાનો પ્રકાર | કેટલા દિવસની મળે? | શરતો | કોણ મંજૂર કરી શકે. |
|---|---|---|---|
| પરચુરણ રજા<br>વિનિયમ ૩૦(૨) | દરેક શૈક્ષણિક વર્ષમાં વધુમાં વધુ ૧૫ રજા | –સામાન્ય રીતે ૩ દિવસ કરતા વધારે ન હોય તેટલા દિવસની રજા એકસાથે ભોગવી શકાય.( અપવાદરૂપ સંજોગોમાં એકસાથે ૧૦ દિવસ)<br>– બે કરતા વધારે ન હોય એટલી જાહેર રજા..પરચુરણ રજાની આગળ કે પાછળ કે આગળ–પાછળ બંને સાથે જોડીને ભોગવી શકાય..જો જોડેલી જાહેર રજા બે કરતા વધે તો તે પરચુરણ રજા ગણાશે...<br>– બે પરચુરણ રજાના ગાળા વચ્ચે આવતી જાહેર રજા કે રવીવાર પરચૂરણ રજા ગણાશે..<br>– હંગામી કર્મચારીને પણ મળવાપાત્ર છે. | શાળાના વડા |
| અર્ધપગારી રજા<br>વિનિયમ ૩૦(૩) | દરેક વર્ષની ૧લી જાન્યુઆરી અને ૧લી જૂલાઈએ ૧૦–૧૦ રજાના હિસાબમાં આગોતરી જમા કરવાની રહે છે. | – શાળાના કાયમી કર્મચારીને તબીબી પ્રમાણપત્ર ઉપરથી અથવા બીજી રીતે દરેક પૂરા વર્ષની નોકરી માટે ૨૦ દિવસ સુધીની અર્ધપગારી રજા મંજૂર કરી શકાશે.<br>– અર્ધપગારી રજાની વધુમાં વધુ મુદત એકીસાથે ૧૨૦ દિવસ પુરતી મર્યાદીત રહેશે.<br>–ફક્ત કાયમી કર્મચારીનેજ મળવાપાત્ર છે. | ૧૫ દિવસ સુધીની મુદતની રજા શાળાના વડા અને તેથી વધુ મુદત માટે શાળા સંચાલક મંડળ |
| રૂપાંતરીત રજા<br>વિનિયમ ૩૦(૪) | લેણી નીકળતી અર્ધપગારી રજાના અર્ધાથી વધારે નહી તેટલી રૂપાંતરીત રજા મળવાપાત્ર છે. | – સમગ્ર નોકરી દરમ્યાન રૂપાંતરીત રજા વધુમાં વધુ ૨૪૦ દિવસ પુરતી મર્યાદીત રહેશે.<br>– –ફક્ત કાયમી કર્મચારીનેજ મળવાપાત્ર છે. | શાળા સંચાલક મંડળ |
| વગરપગારની રજા<br>વિનિયમ ૩૦(૫) | સમગ્ર નોકરી દરમ્યાન વધુમાં વધુ ૩૬ માસ | – સમગ્ર નોકરી દરમ્યાન વગરપગારની રજા વધુમાં વધુ ૩૬ માસ પુરતી મળવાપાત્ર છે.<br>– વિનિયમ મૂજબ બીજી કોઈ રજા મળવાપાત્ર ન હોય અથવા કર્મચારી વગરપગારની રજાની લેખિત માગણી કરે તો રજા મંજૂર કરી શકાય.<br>– એકસાથે વધુમાં વધુ ચાર માસની મંજૂર કરી શકાય.. જો કર્મચારી ક્ષય કે રકતપિત જેવા રોગની સારવાર નીચે હોય તો અકસાથે ૧૨ માસની રજા મંજૂર કરી શકાય.<br>– ચાર માસથી વધુ મુદતની આ પ્રકારની રજા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવ્યા બાદ મંજૂર કરી શકાય...<br>–ફક્ત કાયમી કર્મચારીનેજ મળવાપાત્ર છે. | (૧) ૧૫ દિવસની મર્યાદામાં શાળાના વડા<br>(૨) ચાર માસ સુધીની મર્યાદામાં શાળા સંચાલક મંડળ<br>(૨) ચાર માસ થી વધુની મર્યાદામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી થી શાળા સંચાલક મંડળ |
| હકક રજા<br>વિનિયમ ૩૦(૭) | વર્ષ દરમ્યાન દરેક સત્ર દિઠ ૧૫ મુજબ વધુમાં વધુ ૩૦ જમા આપવાની રહે છે. | – બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા આચાર્ય કોઈપણ વેકેશન માટે હકકદાર ન હોવાથી તેમને નોકરીના દરેક વર્ષ દીઠ ૩૦ હકક રજા મળવાપાત્ર છે જે સર્વિસબુકમાં જમા કરવાની રહે છે.<br>– બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષકો કે જેઓ વેકેશન માટે હકકદાર છે તેઓને જો વેકેશનના સમયગાળામાં સરકારી/બોર્ડની કામગીરી માટે ફરજીયાત રોકવામાં આવે તો તેઓએ નહી ભોગવેલા વેકેશનના સમયગાળા માટે જી.સી.એસ.આરનાં સુધારેલા રજાના નિયમો ૯ અને ૯(અ) નો જોગવાઈઓ મૂજબ હકકરજા મળવાપાત્ર છે જે કર્મચારીની સર્વિસબુકમાં જમા આપવાની રહે છે.<br>– આ પ્રકારની લેણી નીકળતી હકકરજા ૩૦૦ દિવસની થાય કે તરતજ તે પ્રાપ્ત થતી બંધ થશે.<br>–ફક્ત કાયમી કર્મચારીનેજ મળવાપાત્ર છે. | (૧) ૧૫ દિવસની મર્યાદામાં શાળાના વડા<br>(૨) ૧૫ દિવસથી વધુ શાળા સંચાલક મંડળ |
| વળતર રજા<br>(વિનિયમમાં સમાવેશ નથી) | કામના દિવસો જેટલી | –જો જાહેરરજા કે રવિવારના દિવસોમાં ફરજ સમયગાળામાં સરકારી/બોર્ડની કામગીરી માટે રોકવામાં આવે ત્યારે કર્મચારી ને કામના દિવસો જેટલા દિવસની રજા મળવાપાત્ર છે.<br>– આ પ્રકારની રજા સર્વિસબુકમાં જમા લેવાની કે ઉધારવાની થતી નથી<br>– સામાન્ય રીતે આ રજા જે તે શૈક્ષણિક વર્ષમાં ભોગવી લેવાની હોય છે. | શાળાના વડા |
| પ્રસુતીની રજા<br>વિનિયમ ૩૦(૬)(અ) | ૧૩૫ દિવસ | –જે મહિલા કર્મચારીએ એક વર્ષ કરતા વધારે નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને મળવાપાત્ર છે.<br>– જે મહિલા કર્મચારીએ બે કે બે વર્ષ કરતા વધારે નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને આ રજા પૂરા પગારે મળવાપાત્ર છે.<br>– જે મહિલા કર્મચારીએ બે વર્ષ કરતા ઓછી નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને આ રજા અર્ધા પગારે મળવાપાત્ર છે.<br>– સહાયકોને પણ મળવાપાત્ર છે. | શાળા સંચાલક મંડળ |
| પિતૃત્વની રજા<br>૩૦(૬)(અ) | ૧૫ દિવસ | –એ પુરૂષ કર્મચારીને કે જેને બે કરતાં ઓછા બાળકો હયાત હોય તેને પત્નીની દેખરેખ માટે પિતૃત્વની રજા મળવાપાત્ર છે. | શાળાના વડા |